ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૮-૨૦૧૩, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી.....

હમ કિસી સે કમ નહીં

ચીન અને પાકિસ્તાનની ઘૂણસખોરી અને બદમાશીથી વાજ આવી ગયેલી ભારતીય સેનાએ આખરે એ બેઉને પોતાની તાકાતનો પરચો બતાવી જ દીધો છે. હરક્યુલસ એ ગ્રીક દેવતાનું નામ છે. પૃથ્વીને પોતાની પીઠ પર ઊંચકનાર હરક્યુલસ એ બ્રહ્માંડનો સૌથી શક્તિશાળી દેવ છે. સુપર હરક્યુલસ નામધારી વજનદાર એરક્રાફ્ટ એ જ દોલતબેગ ઓલ્ડી વિસ્તારમાં ઉતારવામાં આવ્યું છે. દુનિયાના સૌથી વધુ ઊંચાઈએ આવેલ રન-વે પર ભારતીય વાયુ સેનાએ આ મહાકાય વિમાન ઉતારતાં દેખીતી રીતે ચીનના પેટમાં ઊકળતું તેલ રેડાયું હશે. ચીન છેલ્લા કેટલાક વખતથી ભારતીય સીમાનું અતિક્રમણ કરતું રહ્યું હતું; સવિશેષ તો લદ્દાખના આ જ 'લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ'વાળા વિસ્તારમાં ચીન વારંવાર દખલ કરતું રહ્યું છે, છેલ્લે તો એના સૈનિકો ભારતીય સીમામાં ૧૯ કિ.મી. અંદર સુધી તો આવી દાદાગીરી કરતા જોવા મળ્યા હતા. ભારત શાંતિપ્રિય સહઅસ્તિત્વમાં શ્રદ્ધા ધરાવતો દેશ છે. છેલ્લા એક વર્ષમાં દોઢસોથી વધુ વાર સીમાનું અતિક્રમણ કરી ચૂકેલા ચીનને દેશનો જડબાતોડ જવાબ છે. અત્યાર સુધી ચૂપ રહેલું ભારત ધારે તો સમય આવ્યે ચીનના ડ્રેગનને એની ભૂમિ પર જઈને લપડાક લગાવી શકે છે, એવો ગર્ભિત સંકેત ચુપીએ સરકારે આ ચેષ્ટા દ્વારા આપી દીધો છે. ચીને વારંવાર ધમકીઓ અને ચીમકીઓ ઉચ્ચારેલી તે તમામને ભારતી સૈન્યે ઠંડે કલેજે અણસાંભળી કરીને આ ઐતિહાસિક પગલું ભર્યું છે. ચીન અને પાકિસ્તાન બેઉ સાથે મળીને ભારતીય સીમા પર સતત દબાણ વધારતાં રહ્યાં છે. જમ્મુ અને કાશ્મીરને ચીન ભારતીય પ્રદેશ માનવા તૈયાર નથી. એને વિવાદસ્પદ ક્ષેત્ર ગણી જમ્મુ-કાશ્મીરના નાગરિકોને પાકિસ્તાન અને ચીને 'સ્ટેપલ્ડ વિઝા' આપવાની શરૂઆત કરી દીધી ત્યારે ઓચિંતી આપણી કેન્દ્ર સરકારની ઊંઘ ઊડી જવા પામી હતી. પાકિસ્તાને ભારત વિરુદ્ધ આતંકવાદીઓ મારફત પ્રોક્સીવોર ચાલુ રાખ્યું છે અને છેલ્લે તો રીતસરની યુદ્ધ જેવી પરિસ્થિતિ સરજી દઈ ભારતીય સેના અને સરકાર બેઉને રક્ષણાત્મક સ્થિતિમાં મૂકી દીધાં હતાં. દેશભરમાં ચુપીએ-૨ સરકારની ઢીલીપોચી સંરક્ષણનીતિની ભાર ટીકા થતાં વડાપ્રધાન મનમોહનસિંહ, ચુપીએ ચેરપર્સન અને કૉંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી રહ્યાં હતાં. નરેન્દ્ર મોદીએ ભુજની લાલન કોલેજના મેદાન પરથી લાલ કિલ્લા પર ધ્વજારોહણ કરનાર વડાપ્રધાનને આ મુદ્દે પડકાર ફેંક્યો તે પછી કેન્દ્ર સરકાર માટે કોઈ નિર્ણાયક સૈન્ય પગલું ભર્યા વિના ચાલે એમ નહોતું. ફલશ્રુતિ લેખે સેનાને સીમા પર થઈ રહેલી દુશ્મન દેશોની હલચલ સામે જરૂરી કાર્યવાહી કરવાની તાકીદ કરાઈ હોય તે બનવાજોગ છે. ભારતીય સૈન્ય પાસે કોઈ પણ વિકટ પરિસ્થિતિને પહોંચી વળવાની પૂરી ક્ષમતાનું આ પ્રત્યક્ષ પ્રમાણ છે. હવે પછી સરહદ ઉપરનાં છમકલાં શાંત પડે છે કે વધતાં રહે છે એના ઉપર ભારતીય સેનાની ભવિષ્યની કાર્યવાહી અવલંબશે. પાકિસ્તાન અને ચીને સાથે મળીને ભારતને પજવવાનો પ્રયાસ કરવામાં કોઈ જ કસર છોડી નથી, પરંતુ એ બેઉને પણ યુદ્ધની સ્થિતિમાં જવું પરવડે એમ નથી. લાલા આંખ કરવાથી જ જો પ્રશ્ન પતી જતો હોય તો ભારત ક્યારેય યુદ્ધની બાબતમાં પહેલ કરશે નહીં. પરંતુ ભારતની સહનશીલતાની પણ એક હદ હોઈ શકે, એના સ્વાતંત્ર્યદિનની પૂર્વસંધ્યાએ વાયુ પ્રવચનમાં સાંભળેલા રાષ્ટ્રપતિના વિદાનનો આ સીધો પડઘો છે, એટલું તો પાડોશી રાષ્ટ્રો પણ સાનમાં સમજી શકશે અને દરેક મુદ્દે ચુપીએ સરકાર પર માછલાં ધોનારા વિપક્ષોને પણ એનો સૂચિતાર્થ સમજાઈ જશે.

પોલીટેકનિક કોલેજમાં કરાર આધારિત વ્યાખ્યાતાઓને છૂટા કરવા સામે આક્રોશ

કરાર વિસ્તૃત કરવા ફેકલ્ટીઝની માંગણી

ગાંધીનગર, તા.૨૧

સરકારી પોલીટેકનિક અને ઈજનેરી કોલેજમાં ૧૧ માસના કરાર આધારિત વ્યાખ્યાતાઓની નિમણૂંક બાદ નિયત સમય બાદ તેમને છૂટા કરવાનો આદેશ થતા આક્રોશ પ્રવર્ત્યો છે. ગાંધીનગરની પોલીટેકનીક કોલેજમાં પણ ૪૩ જેટલા વ્યાખ્યાતાઓનો સમાવેશ થાય છે. આ તબક્કે નવી ભરતીના બદલે અનુભવી ફેકલ્ટીઝનો કરાર વિસ્તૃત કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

સરકારી પોલીટેકનીક અને સરકારી ઈજનેરી કોલેજોમાં ઓકટોબર ૨૦૧૨માં ફિકસ પે વ્યાખ્યાતાઓની ૧૧ માસના કરાર આધારે ભરતી થઈ હતી. જયારે નિયત સમય બાદ વ્યાખ્યાતાઓને છુટા કરવાનો વડી કચેરી દ્વારા આદેશ થતા વ્યાખ્યાતાઓમાં નારાજગી પ્રવર્તી છે.

ફિકસ પે વ્યાખ્યાતાઓ દ્વારા પોતાનો અગ્રતાહક મેળવવા ગુજરાત હાઈકોર્ટમાં પિટીશન દાખલ કરી છે ત્યારે ફિકસ પે વ્યાખ્યાતાઓની ફરજમુકિતના આદેશ બાદ સમાન લાયકાત ધરાવતા બિન અનુભવી વ્યાખ્યાતાઓની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. જેથી ૧૧ માસના અનુભવી વ્યાખ્યાતાઓનું ભવિષ્ય મુશ્કેલીમાં મુકાયું છે. અગાઉ ૨૦૦૯માં પણ આવી જ રીતે ભરતી થયેલા એડહોક વ્યાખ્યાતાઓને જયાં સુધી રેગ્યુલર વ્યાખ્યાતાઓની ભરતી ન થાય ત્યાં સુધી વિસ્તૃત કરવામાં આવ્યા હતા. આવા સંજોગોમાં ૨૦૧૨ ફિકસ પે વ્યાખ્યાતાઓની તેના અનુભવને ધ્યાનમાં રાખી વિસ્તૃત કરવા માંગ ઉઠી છે.

૨૦૧૨માં ૫૧૨ વ્યાખ્યાતાઓ પોલીટેકનીકમાં અને ૧૩૨ વ્યાખ્યાતાઓ ઈજનેરી કોલેજોમાં ભરતી કરવામાં આવ્યા હતા. આથી બિન અનુભવી અને નવી ભરતી કરવાને બદલે અનુભવી વ્યાખ્યાતાઓને કરાર વિસ્તૃત કરવાની માંગ પ્રબળ બની છે.

જો, સાતમ આઠમ ચંપલ પહેર્યા વગર આખો દિવસ અને રાત મંદિરે પુજા કરવા જવાનો છું એવું વાઈફને કહી દેજે... આ વખતે ગુજરાતીને ઘર બહાર પડેલા જુતા પરથી ઓળખીને પોલીસ રેડ કરવાના છે...!

ઉદ્‌ગમ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીને યુનિવર્સલ હ્યુમીનીટી એવોર્ડ એનાયત થયો

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતમાંથી એક માત્ર ઉદ્‌ગમ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુરભાઈ જોષીના સામાજીક કામોની નોંધ લઈને ગત તારીખ ૧૯ ઓગષ્ટ ૨૦૧૩ના રોજ યુનિવર્સલ હ્યુમીનીટી એવોર્ડ ૨૦૧૩ દિલ્હી ખાતે તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ માટે ૩૪ નોમીનેશન આવ્યા હતા. ડૉ. મયુરભાઈ જોષી સાથે શિવાની વજીર પસરીજ, ગિલોસમ કોચર જેવા ૩૦ વ્યકિતઓને સન્માનવામાં આવ્યા હતાં.

ઈન્ડો સાઉથ આફ્રિકન વુમન્સ એમ્પાવરમેન્ટ સમીત ૨૦૧૩ના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કમ્યુનીકેશન અને આઈ ટી તથા ન્યાય અને કાયદાના મંત્રી શ્રી કપિલ સિબ્બલ અને અતિથિ વિશેષ તરીકે સાઉથ આફ્રિકાના હાઈ કમિશનર મલોસે મોગાલેએ હાજરી આપી હતી. કપિલ સિબ્બલે ભારતમાંથી અને સાઉથ આફ્રિકાથી આવેલ માનવતાવાદી કાર્યકરોની પ્રશંસા કરી અને વિશ્વકલ્યાણ માટે વધુમાં વધુ લોકોને માનવતા વાદી કાર્યોમાં જોડવાની વાત કરી હતી.

સાઉથ આફ્રિકન હાઈ કમિશનર મોગાલેએ સાઉથ આફ્રિકાની સંસદ અને સમગ્ર રાજકીય વ્યવસ્થામાં ૫૦ ટકા ભાગીદારી છે તથા હવે સર્વેમાં નોકરીમાં

પણ બહેનોને ૫૦ ટકા મુજબ પ્રાધાન્ય આપવામાં આવશે સાથો સાથે તેમણે ભારત અને દક્ષિણ આફ્રિકન સ્વતંત્રતા ચળવળની વાત કરી હતી. વુમન્સ ઈન્ટરનેશનલ નેટવર્ક ચેરપર્સન શ્રી રેખા ઉદિર્ત એવોર્ડની સીલેકશન પ્રક્રિયા અને સમગ્ર કાર્યક્રમના આયોજનની માહિતી આપી હતી. આ સન્માન કાર્યક્રમમાં ઉદગમ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ઉદગમ વુમન્સ એચિવર્સ એવોર્ડ, સેનીટેશન, મહિલા સશકિતકરણ કાર્યક્રમ, બાળ વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ, સંસ્થાના ઉમંગ પ્રોજેકટની રજુઆત ડૉ. મયુરભાઈ જોષીએ કરી હતી. સાઉથ આફ્રિકાના હાઈ કમિશનર મોગાલેએ ઉદગમની પ્રવૃત્તિઓ રસપૂર્વક સાંભળી અને બહેનો ને સ્વચ્છતાની પ્રવૃત્તિઓમાં વિશેષ રસ દાખવી પ્રવૃત્તિઓની ચર્ચા કરી હતી. આગામી સપ્ટેમ્બર માસમાં તેઓએ ઉદગમની વિશેષ મુલાકાત લેવાનું પણ જણાવ્યું હતું. તેઓશ્રી તેમના ડેલીગેટ સાથીઓ અને મહેમાનશ્રીઓ પણ ઉદગમ સંસ્થાની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયા હતા.

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા ચેસ ટુર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

રોટરી કલબ ઓફ ગાંધીનગર તથા એમ.એમ. સ્પોર્ટસ દ્વારા ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાની પ્રજા માટે ચેસ ટુર્નામેન્ટનું આયોજન તા. ૨૪, ૨૫ ઓગષ્ટ ૨૦૧૩ને શનિવાર અને રવિવારના રોજ જૂના સચિવાલય કેન્ટીન ખાતે કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા ઈચ્છુક ૧૪ વર્ષથી મોટી વયના ઉમેદવાર માટે રૂ. ૨૦૦ ફી તેમજ ૧૪ વર્ષથી નાની ઉંમરના ઉમેદવાર માટે રૂ. ૧૫૦ ફી રાખવામાં આવી છે. ચેસ ટુર્નામેન્ટ માટેના ફોર્મ એમ.એમ. સ્પોર્ટસ જી-૬ વિજય શોપિંગ સેન્ટર, સેકટર-૧૧ તેમજ ગેલેકસી સ્પોર્ટસ એ-૨ ડીસ્ટ્રીકટ શોપિંગ સેન્ટર, સેકટર-૨૧ ગાંધીનગર ખાતેથી મેળવી શકાશે તેમ રોટરી કલબના પ્રમુખ રાહુલ મહેતાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

ધોળાકુવા ખાતે વેસ્ટર્ન એગ્રી સીડસ લિ. દ્વારા દસમો પર્જન્ય યજ્ઞ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

ચાલુ સાલે ગુજરાતમાં મેઘરાજાની પધરામણીથી ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરવા પામી છે ત્યારે વરુણદેવની અસીમ કૃપાને વધામણી કરવા ગાંધીનગર માણસા રોડ, ધોળાકુવા ખાતે વેસ્ટર્ન એગ્રી સીડસ લિ. ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૪-૮-૨૦૧૩ શનિવારના રોજ સરસ્વતી સીડસ ફાર્મ, વેસ્ટર્ન એગ્રી સીડસ રીસર્ચ ફાર્મમાં દર વર્ષની પરંપરા મુજબ દસમો પર્જન્ય યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞના દર્શનનો લાભ લેવા ઈચ્છતા નાગરિકોને આમંત્રણ પાઠવવામાં આવે છે.

કડી કેમ્પસની શાળાઓમાં માતૃ-પિતૃ વંદના અને રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળા, આર.એન. પ્રાઈમરી સ્કુલ, એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાઈમરી સ્કુલ અને એમ.બી. પટેલ પ્રાઈમરી સ્કુલના સંયુકત ઉપક્રમે તારીખ ૧૨-૮-૨૦૧૩થી પાંચ દિવસ સુધી ખિમજી વિસરામ હોલ ઉમાઆર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજ સે-૨૩ ખાતે બાળકોમાં સંસ્કાર ઘડતરના હેતુસર વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

આ કાર્યક્રમમાં શેઠ સી.એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ભાટી આકાશ, ચાવડા હિરેન, વાઘેલા હિરેન, વાઘેલા જયસિંહ, શુભમ પટેલ, ઋત્વિક પટેલ, પાર્થ પટેલ, વૈભવ પરમાર, પાર્થ આર. પટેલ, શુભ પટેલ, અજય ભાટી, આશિષ પ્રજાપતિ દ્વારા માતૃ પિતૃ વંદનાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે સંસ્થાના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલના હસ્તે ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ ઉત્સાહી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ સમારંભમાં રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. આ ઉપરાંત આ સંસ્થા દ્વારા સમૂહ રક્ષાબંધન કાર્યક્રમમાં શાળાઓની વિદ્યાર્થીનીઓએ તમામ વિદ્યાર્થીઓને હાથે રાખડી બાંધી ઉત્સવની ઉજવણી કરી હતી. સંસ્થાના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલે રક્ષાબંધનનું મહત્વ વિશે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

સ્વ. જે. કે. કાપડીયાના સ્મરણાર્થે રકતદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

સ્વ. જે.કે. કાપડીયાના સ્મરણાર્થે સીનીયર સિટીઝન કાઉન્સીલ અને સહયોગ મંડળના સહયોગથી રકતદાન શિબિરનું આયોજન તા. ૧૭ ઓગસ્ટ ૨૦૧૩ને શનિવારના રોજ સરકારી વાણિજય કોલેજ સેકટર-૧૫ ખાતે કરવામાં આવ્યું હતું.

સ્વ. જે.કે. કાપડીયાના સ્મરણાર્થે યોજાયેલી રકતદાન શિબિરમાં સિનીયર સિટીઝન કાઉન્સિલના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી અને સહયોગ મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલ સહિત સંસ્થાના સભ્યો દશરથલાલ એમ. પરમાર, સુથારભાઈ, ત્રિવેદીભાઈ, રસિકભાઈ ગાંધી એસ.જી. દેસાઈ, પ્રોફેસર પરમારભાઈ સહિત સંસ્થાના સભ્યોએ ખુબ ઉત્સાહપૂર્વક રકતદાન કર્યું હતું. આ શિબિરમાં મોટી સંખ્યામાં શહેરીજનો પણ જોડાયા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ભારત અને ગુજરાતમાં જોવા મળતાં સસ્તન પ્રાણીઓ વિશેના પુસ્તક 'વન્ય જીવન'ની વિશેષતા છે લેખક શ્રી હેમંત સુથારની વૈજ્ઞાનિક છતાંય લોકભોગ્ય ભાષા તથા આકર્ષક તસવીરો

આસ્વાદ
પ્રકાશ લાલા

વિવિધ પ્રાણીઓનો પરિચય કરાવતું સચિત્ર પુસ્તક 'વન્ય જીવન' :

આપણે એ જાણીએ છીએ કે ગૌરવવંતા એશિયાટીક - એશિયાઇ સિંહો ફક્ત આપણા ગુજરાતમાં ગીરના જંગલોમાં જ છે, પણ આખાય ભારતમાં દીપડાની વસ્તીમાં ગુજરાત બીજા ક્રમે છે એની આપણને ખબર છે ખરી? માની લઇએ કે આ પણ આપણને ખબર છે પરંતુ ઘુડખર, કાળિયાર, મગર, નીલ ગાય, જેવા પ્રાણીઓની સંખ્યા દેશમાં સૌથી વધુ ગુજરાતમાં કહી શકાય તેમ છે એની ખબર છે ખરી?

અરે, વાંદરા તથા માંકડાથી આપણે બધા પરિચિત છીએ પરંતુ 'બોનેટ માંકડા'નું નામ સાંભળ્યું છે ખરૂં? એ જ રીતે માનવ વસવાટમાં - ઘર-ગામ-શહેરમાં જોવા મળતી સામાન્ય બિલાડીઓ ઉપરાંત રણબિલાડી, કાટવર્ણી ટપકાંવાળી બિલાડી, ચકતાંવાળી બિલાડી, જંગલી બિલાડી અંગે આપણી પાસે કેટલી માહિતી છે?

દેશ અને ગુજરાતમાં વસતાં આવા કેઇ કેટલાય વન્યજીવો - સિંહ - વાઘ - દીપડાથી માંડીને ખિસકોલી, ચામાચીડિયું, વાગોળ, જંગલી ભેંસ, ગૌર અને ભિન્નભિન્ન માછલીઓ - અંગેની અવનવી વાતો જાણવા - માણવામાં જેમને રસ હોય તેમણે 'ગાંધીનગર સમાચાર'ના જાણીતા કટારલેખક - વન અધિકારી શ્રી હેમંત સુથાર લિખિત અને ગુજરાત રાજયના માહિતી કમિશનરેટ રૂણ પ્રકાશિત 'વન્યજીવન' પુસ્તક અવશ્ય વાંચવું જ રહ્યું.

હેમંત સુથારે તેમના આ પુસ્તકમાં વન, રણ, જળમાં વસતાં અને જેના વિશે આપણને કદાચ કોઇ જ કે વિશેષ માહિતી નથી હોતી એવાં અંદાજે ચોસઠ જેટલા વન્યજીવોનો વિસ્તૃત પરિચય કરાવ્યો છે. દરેક વિસે તેના કદ, વજન, દેખાવનું સંપૂર્ણ વર્ણન આપવા સાથે જે તે પ્રાણીનું આયુષ્ય કેટલું હોય છે, તેનો ખોરાક અને ખાસિયત શી છે તથા દેશ અને ગુજરાતમાં તે કયા ભાગમાં વસવાટ કરે છે તેની અભ્યાસપૂર્ણ વિસ્તૃત માહિતી આપવાનો સુંદર પ્રયાસ કર્યો છે.

વર્ષ ૨૦૧૦માં ગુજરાત રાજયની સ્થાપનાની સ્વર્ણિમ જયંતિની ઉજવણીના શુભ અવસરે રાજયના માહિતી ખાતાએ, સાંસ્કૃતિક, સાહિત્યિક, શૈક્ષણિક, આર્થિક, સામાજિક, ભૌગોલિક, પ્રાકૃતિક વગેરે વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતે કરેલી સ્વર્ણિમ સફરની અને નોંધપાત્ર વિકાસની ઝાંખી કરાવતાં, જે સરસ - માહિતીપ્રદ વિવિધ પ્રકાશનો કર્યા છે તેમાંનું એક છે આ 'વન્ય જીવન' પુસ્તક.

પ્રસ્તુત પુસ્તકમાં લેખક હેમંતભાઇએ ગુજરાતના વન્ય પ્રાણીઓ - રાજયનાં સસ્તન પ્રાણીઓનો રાજયની જનતાને પરિચય કરાવ્યો છે - કહો ને કે એક રોમાંચક 'સફારી'ની સફર કરાવી છે. ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ એના માટે આશીર્વાદરૂપ છે અને રાજયની એ વિશિષ્ટતા પણ છે કે આપણી પાસે દેશનો લાંબામાં લાંબો ૧૬૦૦ માઇલ જેટલો - દરિયા કિનારો છે તો વિશ્વનું બેજોડ કહી શકાય એવું - વિશિષ્ટ પ્રકારનું - ક્ષેત્રીય રણ પણ છે. વળી, દેશના ત્રણ અખાતો પૈંકી ખંભાત અને કચ્છ એમ બે અખાતો છે તથા પ્રાચીનતમ અરવલ્લી, વિંધ્ય અને સાતપુડાની ગિરિમાળાઓ ગુજરાતની શોભા છે. મહી-તાપી-નર્મદા જેવી મહાનદીઓ, સૌરાષ્ટ્રના અગણિત ઘાસિયા મેદાનો પણ ગુજરાત પાસે છે. એ જ રીતે જૈસોર તેમ જ ગિરનાર જેવા પર્વતો, નળ સરોવર જેવું વિશાળ કુદરતી સરોવર, દરિયાઇ જંગલ એવા ચેરનાં વન વગેરે ગુજરાતની પ્રાકૃતિક સંપદા સમાન છે. આવા જૈવ ભૌગોલિક વિસ્તારવાળા પરિસરો ભાતભાતની ને જાત જાતની વનસ્પતિ તથા પ્રાણી સૃષ્ટિનું વૈવિધ્ય પ્રદાન કરે છે અને રાજય પ્રમાણમાં ઓછો વનવિસ્તાર ધરાવતું હોવા છતાં આ બધા કારણોસર ઉત્તમ જૈવ વૈવિધ્ય ધરાવે છે. આ વિવિધતા સભર જૈવ સૃષ્ટિમાંથી લેખકે જે વન્યજીવોની માહિતી આપી છે તેમાં સિંહ, વાઘ, ચિત્તો, દીપડો, વાંદરો, બોનેટ માંકડુ, માંકડુ, જંગલી ભેંસ, હાથી વગેરેનો સમાવેશ થાય છે જ પરંતુ તેમના આ પુસ્તકમાં જે સસ્તન પ્રાણીનું આપણે નામ પણ ન સાંભળ્યું હોય તેવાં હેણોતર, ભેકર, ચૌશિંગા વગેરે વિશે પણ માહિતી આપી છે. અહીં આપણે જે રોજબરોજ જોઇએ છીએ તે પાંચ પટ્ટાવાળી તાડ ખિસકોલી ઉપરાંત ત્રણ પટ્ટાવાળી તાડ ખિસકોલી, ભારતીય મોટી ખિસકોલી, બદામી રંગની ઉડતી ખિસકોલી, સામાન્ય નોળિયા ઉપરાંત સોનેરી નોળિયો, વામન દેહી ભારતીય નોળિયો, પાંડુવર્ણી નોળિયો, અલગ અલગ પ્રકારના છછૂંદરો, ચસલાં, જુદા જુદા ઉંદરો વિશે જાણકારી આપી છે. પુસ્તકમાં કીડીખાઉ, શેળો, વાગોળને ચામાચીડિયા, ઘુડખર ને જંગલી કૂતરા, નીલ ગાય, વરૂ, શિયાળ, લોંકડી - રણ લોંકડી, રીંછ, જંગલી ભૂંડ, ઘોરખોદિયું, સાબર, ચિતલ, છીંકારૂં, કાળિયાર, શેળો, શાહુડી, ભારતીય જરબીલ, મલબારી પોન્ડુ વિશે વિગતવાર માહિતી પીરસાઇ છે.

સાથે સાથે દરિયાઇ જીવો ડુંગોંડા, સામાન્ય ડોલ્ફિન, સ્પર્મ વહેલ, બ્લૂ વહેલ, ભારતીય મોટી ફિન વહેલ, નાની ભારતીય પોરપોઇઝ વિશે પણ ૧૪૦ પાનાનાં પુસ્તકમાંથી જાણકારી પ્રાપ્ત થાય છે.

બધાં જ જીવોના ગુજરાતી નામોની સાથે અંગ્રેજી નામો અપાયા છે અને પ્રત્યેકની એકથી વધુ રંગીન તસવીરો સાથે મૂકાઇ હોવાથી જે તે વન્યપ્રાણીને ઓળખવા - સમજાવામાં - તેની વિશેષતા નોંધવામાં ખૂબ જ સરળતા રહે છે.

'વન્ય જીવન' પુસ્તક વાંચતા જ તેમાં એક વન્ય અધિકારી તરીકેનો જ નહીં, એક સફળ - સબલ - કાર્યનિષ્ઠ અધિકારી તથા પોતાના ક્ષેત્ર સતત અભ્યાસરત રહેતા, જાણકાર-અનુભવી, સંશોધન એવા શ્રી હેમંત સુથારનો સ્પર્શ પામી શકાય છે.

ભારત અને ગુજરાતમાં જોવા મળતા મુખ્ય સસ્તન પ્રાણીઓની માહિતી વૈજ્ઞાનિક અને લોકભોગ્ય - સરળ એમ બંને ભાષામાં મૂકવાનો લેખક હેમંતભાઇનો સંનિષ્ઠ પ્રયાસ તેમજ સર્વશ્રી દેવેશ ગઢવી, ભાવેશ ત્રિવેદી, નીરવ ભટ્ટ, કૃણાલ પટેલ, અશોક ચૌધરી અને યોગેન્દ્ર શાહ વગેરેના વન્યજીવોના આકર્ષક ફોટોગ્રાફ્સ આ પુસ્તકની વિશેષતા છે.

ગુજરાતી ભાષામાં આવા વિષયમાં પુસ્તકો ખુબ ઓછાં જોવા મળે ત્યારે ભાઇ હેમંત સુથારને આવા રસપ્રદ પુસ્તકના લેખન માટે અને એક અતિ ઉપયોગી સંદર્ભગ્રંથ - અભ્યાસગ્રંથ બની રહે તેવું રસપ્રદ પુસ્તક પ્રકાશિત કરવા બદલ ગુજરાત રાજયના માહિતી ખાતાને પણ ખૂબ ખૂબ અભિનંદન.

સુંદર સંદર્ભ ગ્રંથ અને અભ્યાસોપયોગી બની રહે તેવા પુસ્તક માટે લેખકને તથા તેના પ્રકાશન માટે ગુજરાત રાજયના માહિતી ખાતાને અભિનંદન